|| શ્રી ગણેશાય નમઃ ||
|| શ્રી હાટકેશામ્બિકાભ્યામ્ નમઃ ||

# શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ

(ચેરી. ટ્રસ્ટ રજી. નં. એ-૧૮૩૯, મુંબઈ. સ્થાપના : ૩૦-૮-૧૯૦૮)

www.shrivadnagaranagar.org

# એક નોખો, મુઠ્ઠી ઉંચેરો માનવી



## સ્વ. શ્રી નટવરલાલ મણિશંકર બુચ (બાબુકાકા)

### શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈની સ્નેહસભર સ્મરણાંજલિ

### ટ્રસ્ટીગણ

અક્ષય મહેતા, અશ્વિન વસાવડા, ડૉ. ભાર્ગવ વત્સરાજ

### કારોબારી સમિતિ

નેહા યાજ્ઞિક-પ્રમુખ, પાર્થિવ ત્રિવેદી - ઉપ પ્રમુખ,
નીરવ બુચ - માનદ મંત્રી, નીયત અંજારીયા - સહમંત્રી, પ્રિયંકા આચાર્ય - ઉપમંત્રી,
આશિષ કીકાણી - ખજાનચી, ધારા બુચ - સહ ખજાનચી, ભૌમિક વોરા - ઉપ ખજાનચી

### સભ્યો

સ્મીતા વૈદ્ય, શિવાની કીકાણી, ધૃતિ મહેતા, વિભૂષીત દવે,
ડૉ. ઝલક હાથી, ઝંકાર હોરા, રૈના દીક્ષિત

૩૦.૦૮.૨૦૨૩
મુંબઈ

નોંધઃ શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈની સ્થાપના ૩૦મી ઑગસ્ટે થઈ હોવાથી આજે ૩૦.૦૮.૨૦૨૩ ને દિવસે આદરણીય સ્વ.શ્રી નટવરલાલ મણિશંકર બુચ (બાબુકાકા)ને વંદન અને ભાવાંજલિ.

# શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઇ



**નામ** : મુ.વ.સ્વ. નટવરલાલ મણિશંકર બુચ (બાબુકાકા)
(જન્મ સાલ ૧૯૦૫)

**પિતાશ્રી** : મુ.વ.સ્વ. મણિશંકર બુચ

**માતુશ્રી** : મુ.વ.સ્વ. મેવાબેન મણિશંકર બુચ

**ધર્મપત્ની** : મુ.વ.સ્વ. સુશીલાબેન નટવરલાલ બુચ

## પરિચય

મુ.વ.સ્વ. નટવરલાલ મણિશંકર બુચ જે હંમેશાં બાબુકાકાના નામે જ ઓળખાતા, જેઓ પન્નાલાલ ટેરેસના ત્રીજા માળે બી/૫૯/૬૦ નંબરની રૂમમાં રહેતા.

શિક્ષણ પૂરૂં કર્યા બાદ તેઓ ખટાઉ કંપનીમાં બોરીબંદર ખાતે નોકરી કરતા.

નાગર જ્ઞાતિજનો માટેનો તેઓનો નિસ્વાર્થ સેવા પ્રેમ જ્ઞાતિજનો કાયમ યાદ રાખશે અને તેઓના કાયમ ઋણી રહેશે કારણકે એમની બાજુની રૂમ બી/૫૮ એમણે એમનાં પિતાશ્રીની સ્મૃતિરૂપે શ્રી વડનગરા નાગર મંડળ મુંબઈને ભેટ કરી છે જે મણિનાગર નિવાસ તરીકે પન્નાલાલ ટેરેસમાં જાણીતી છે.

બહારગામથી આવતા નાગરજનો જેને મુંબઈમાં ચિકિત્સા સારવાર અર્થે આવવાનું થાય તેઓને બધી જ સગવડ ધરાવતી આ રૂમ આપવામાં આવતી રહી છે. મુંબઈમાં હોટલનાં ખર્ચા ન કરવા પડે માટે મંડળની આ રૂમ હંમેશાં આશીર્વાદ રૂપ રહી છે જેનું શ્રેય બાબુકાકા ને જ જાય છે.

નિત્ય વહેલા ઉઠી, પૂજાપાઠ તથા હિન્દુ ધર્મના પવિત્ર તહેવારો શાસ્ત્રોક્ત રીતે ઉજવવા એ એમનો નિત્યક્રમ રહેતો.

બળેવને દિવસે એમના નેતૃત્વમાં અનેક નાગરો જનોઈ બદલવા મુંબઈના પવિત્ર સ્થળ બાણગંગા જતાં.

મારા પિતાશ્રી સ્વ. મુ.વ. કનૈયાલાલ ભગવાનલાલ હાથી એમનાં જ પડોશી હોવાથી, હું શોભા શરદ ઢેબર (પહેલાં વત્સલા કનૈયાલાલ હાથી) બાળપણથી જ એમનાં સાન્નિધ્યમાં રહી ચૂકી છું અને આપણાં જ્ઞાતિના સંસ્કારો મારા જીવનમાં ઉતારી શકી છું. ગીતાજી શ્લોક મોઢે બોલવા, શ્રાવણમાસમાં આપણાં ઈષ્ટદેવ હાટકેશદાદાની વ્યવસ્થિત પૂજા કરવી વગેરે માટે હું એમનાં માતુશ્રી પૂજ્ય મેવાબા તથા બાબુકાકા અને સુશીલાકાકીની હંમેશાં ઋણી રહીશ.

પૂજ્ય મુ.વ.સ્વ. બાબુકાકા ને ૪ બહેનો હતી. રમાબેન, કળાબેન, ચંદ્રબાળાબેન અને અવંતિકાબેન. એમનાં ભાણેજ દિનેશભાઈ મારુ મુંબઈ મુકામે હોવાથી બાબુકાકાના પરિવારનું એક દિકરાની જેમ ધ્યાન રાખતા.

મુ.વ.સ્વ. બાબુકાકાની પ્રામાણિકતા અને એમનાં કાર્ય પ્રત્યેની નિષ્ઠાના ગુણો એવાં હતાં કે ખટાઉ કંપનીમાંથી નિવૃત્તી પછી પણ એમના શેઠે એમને સેવા આપવા પોતાની પાસે રાખ્યા હતા. નિવૃત્તી પછી એમણે કંપનીના ખર્ચે ટેક્ષીમાં આવવા જવાની છૂટ આપેલ છતાં એમણે એ છૂટનો કદી ઉપયોગ કર્યો નહોતો અને ટ્રેનમાં જ ચર્ચગેટ જતા અને ત્યાંથી ચાલીને બોરીબંદર ઓફિસે જતા.

સમય જતાં એમનાં માતુશ્રી અને એમનાં પત્ની હાટકેશ શરણ થયા ત્યારબાદ એમનાં ભત્રીજા દિનેશભાઈ મારુએ એમને વડોદરા ખાતેના તેમનાં ઘેર અવંતિકા બેન સાથે તેમની દેખરેખ હેઠળ રાખ્યા.

તેમના જીવનકાળ દરમ્યાન એમના નિસ્વાર્થ સ્વભાવને કારણે નાગર મંડળ ને ખૂબ જ સેવા આપી.

મુંબઈમાં સમસ્ત નાગર કો. બેન્ક ના નિર્માણ માં પણ તેઓએ અગ્ર ભાગ ભજવેલ.

આખી જીંદગી, નાગર જ્ઞાતિ માટે હંમેશાં પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠ અને નિસ્વાર્થ ભાવે મુ.વ.સ્વ. બાબુકાકાએ અર્પણ કરી છે એટલુ જ નહીં આ પવિત્ર આત્મા ૯૬ વર્ષે ૧૪.૦૨.૨૦૦૧ માં વડોદરા મુકામે હાટકેશ શરણ થયા ત્યારે પણ એમણે પોતાનું દેહદાન કરી, એક સુંદર જીવન જીવ્યાનો દાખલો આપણી નાગર જ્ઞાતિને આપ્યો.

જય હાટકેશ



શોભા શરદ ઢેબર (વત્સલા)



વ્હાલા બાબુમામા

અમારા મામા નટવરલાલ મણિશંકર બુચ (બાબુ) એક અજાતશત્રુ, પરોપકારી, અતિ પ્રામાણિક વ્યક્તિ હતા. એ એક જ ભાઈ ૪ બહેનો વચ્ચે. રમામાસી, કળાવતીમાસી, ચંદ્રબાળામાસી અને મારાં મા અરુણા (જેમનું પિયરનું નામ અવંતિકા હતું) એ એમનાં સૌથી નાનાં બહેન.

મારા મા જનમ્યા ત્યારે નાના બાપુ (મણીભાઈ બુચ-જેમનાં નામ પર નાગર મંડળની રૂમ છે જે મણીનાગર નિવાસ તરીકે ઓળખાય છે) નું અવસાન થયું એટલે મારા મા માટે તો એ બાપની જગ્યાએ હતાં.

અમે જ્યારે જ્યારે રાજકોટથી મુંબઈ જતા ત્યારે અમારે માટે ઘસીટારામની લસ્સી પોતે ૩ દાદર ઉતરીને લઈ આવે. ધોતિયું, લાંબુ શર્ટ, ઉપર કોટ અને માથા ઉપર ટોપી એ એમની લાક્ષણિક ઓળખાણ.

નાગર બેંકમાં એકદમ પ્રામાણિકપણે કામ કર્યું. વ્યાવસાયિક રુપે ખટાઉ શેઠની નોકરી કરી એ પણ એવી રીતે કે રિટાયાર થયા પછી એમને પાછા બોલાવ્યાને કહ્યું ટેક્સીમાં આવ-જા કરજો પણ એ શેઠના પૈસા બચાવવા કાયમ ગ્રાન્ટરોડથી લોકલમાં ચર્ચગેટ જાય અને ત્યાંથી ચાલીને વી.ટી. જાય જ્યાં એમની ઓફિસ હતી.

સુશીલા મામીના અવસાન પછી અમે એમને વડોદરા લાવ્યા. મારા મોટાભાઈ દિનેશભાઈએ ફ્લેટ લીધો અને ત્યાં રહ્યા. બે વૃદ્ધ બહેનો, મારા મા અને કલાવતી માસી એમનું ધ્યાન રાખે. અમે ઉપર જ રહેતા. વૈશાલી (મારાં પત્ની) એ કહ્યું હું રોજ જમવાનું પહોંચાડીશ. પણ એમણે ઘસીને ના પાડી કે તમારે છોકરાં નાનાં એટલે રહેવા દો. હું ટિફિન મંગાવીશ આ એમનાં શબ્દો.

ખરેખર એક દિવ્ય આત્મા હતા અને અમે એમનેં ભાણેજ તરીકે નસીબદાર છીએ.

**મહાદેવ...**



**ચૈતન્ય મારૂ**

# PANNALAL TERRACE MANINIVAS



Babumama, as we used to call him was a Gem of a Human being. He independently took care of his family.

During vacation times when we used to visit Mumbai, my Mother and Brother Sohil and me used to come to meet Babumama. The Building called Pannalal Terrace, which is standing so still from more than 100 years. The room where Babumama lived was named after his father Manishankar Buch. We used to come and see so many single room in such a huge complex. It used to fascinate us. And then Babumama would get us down and make us have Quershi lassi and snacks from Ghasitaram. As kids we really used to wonder and enjoy all the delicacies of these two places, which has also been around for so long.

Babumama had 4 sisters.

1. Rama Mashi
2. Avantika - My Grandmother
3. Kalavati Mashi
4. Chandrabala Mashi

After Mami expired we shifted Babumama to Vadodara on the Floor below us, as my Grandmother used to live with him. He did not like to be dependent on anyone. He used to wake up early as 4.30 or 5 in morning and take a bath with cold water. No matter how the weather was Be it winter, summer, Monsoon. He would bath with cold water only. When he shifted to Vadodara, The Vadnagara Nagar Mandal Mumbai gifted him an Idol of Shiva. He gifted Maninivas room for using for all the Nagars. The time he was shifted to Vadodara he could hardly see as he had some catract problem which could not be solved due to some reason so he used to sense if someone was around and due to age, his hearing ability was very low, so he used to sit beside the TV and with full volume listen to the news on Doordarshan. Babumama told me that after I go, I am going to gift this idol to you, as you are a pure soul and take care of it. He did not want to be dependent on anyone so he did not let us cook food for him, he used to call for a Tiffin and eat from that he liked to drink his tea piping hot, as if it just get down from the stove, even a minute's delay, he would not have the same saying 'it's cold'. He used to enjoy listening to classical music, with full volume ofcourse Babumama did not have any kids of his own, So whenever we used to go and meet him, he would pamper us so much.

He used to keep on chanting God's name and om namah shivaay, till his last breath.

**Jay Hatkesh**



**Kinjal Buch**